હવામાન

	મહત્તમ	લઘુત્તમ
અંકલેશ્વર	૩૯.૦° સે.	૨૪.૦° સે.
બારડોલી	૩૮.૦° સે.	૨૨.૦° સે.
ભરૂચ	૩૯.૦° સે.	૨૪.૦° સે.
વ્યારા	૩૮.૦° સે.	૨૨.૦° સે.

સંક્ષિપ્ત સમાચાર

જોલવામાં મહિલાનું ઘરમાં જ મોત

પલસાણાઃ પલસાણાના જોલવા રેસિડેન્સીમાં આવેલી શ્રીહરિ રેસિડેન્સીના ફ્લેટ નં.૩૦૮માં રહેતા અને મૂળ ઉત્તરપ્રદેશના જોનપુરના ગોધના ગામના વતની રાજકુમારીબેન મંગલાપ્રસાદ યાદવ (ઉં.વ.૩૨) છેલ્લા કેટલાક સમયથી કોઈ અગમ્ય બીમારીથી પીડાઈ રહ્યાં હતાં. દરમિયાન ગત તારીખ ૧૩ ઓક્ટોબરે રાત્રે ૧૦:૩૦ વાગ્યા પહેલા તેમનું પોતાના ઘરમાં જ મોત નીપજ્યું હતું. પલસાણા પોલીસે અકસ્માત મોત નોંધી આગળની તપાસ આદરી છે.

કડોદરામાં ટીબીની બીમારીથી યુવાનનું મોત

પલસાણાઃ કડોદરા ચાર રસ્તા ખાતે રહેતા ૨૬ વર્ષીય સુનીલ પાંડુરંગ બોરસેને ગત ૧૨ ઓક્ટોબરે સવારે શ્વાસ લેવામાં ભારે તકલીફ પડવા લાગી હતી. ટીબીની બીમારીના કારણે તેની તબિયત લથડતા સુરત શહેરની નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરાયો હતો. જ્યાં સારવાર દરમ્યાન તેનું મોત નીપજ્યું હતું.

સોનગઢમાં બાઇક ચોરાતાં પોલીસ ફરિયાદ

સોનગઢઃ સોનગઢ ગામે નેશનલ હાઇવે નં.૫૩ના સર્વિસ રોડ પર મચ્છી ગલી નજીકથી બાઇક નં.(GJ 26 AA 6233) ચોરાઈ ગઈ છે. અંબિકા હોટલ ચલાવતા વિજયભાઈ વાઘે પોતાના ઘર નજીક બાઇક પાર્ક કરી હતી, જે ૮ ઓક્ટોબરની સવારે ગાયબ મળી આવી હતી. ભારે શોધખોળ બાદ પણ ન મળતાં સોનગઢ પોલીસે અજાણ્યા ઇસમ વિરુદ્ધ રૂ.૪૦,૦૦૦ની બાઇક ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

લીંડિયાત, મોટા બોરસરાથી બે પીધેલા પકડાયા

હથોડાઃ પાલોદ પોલીસ હદ વિસ્તારમાં લીંડિયાત ગામના રોડ પરથી બાઇક ચાલક ભરતકુમાર કિશનલાલ ખટીક (ઉં.વ.૨૮) અને મોટા બોરસરા નજીકથી મોપેડ ચાલક બોરેસિંહ માનસુક ભુરીયા (ઉં.વ.૨૨) પુષ્કળ પ્રમાણમાં દારૂ પીધેલી અને આડેધડ વાહન હંકારતી હાલતમાં પકડાયા હતા. ટ્રાફિક પોલીસે બંને ચાલકો સામે કાર્યવાહી હાથ ધરી છે.

કામરેજમાં બીમારીથી કંટાળી આધેડે ફાંસો ખાધો

કામરેજઃ મૂળ ભાવનગરના કોળીયાક ગામના વતની અને હાલ કામરેજના નવાગામની હદમાં આવેલી ભવાની કોમ્પ્લેક્સમાં મકાન નં.બી-૭માં રહેતા ઓધવજીભાઈ બાલાભાઈ પરમાર (ઉં.વ.49)ને ડાયાબિટિસ અને અન્ય બીમારીઓની દવા ચાલતી હતી. બુધવારે બપોરે આશરે 1 કલાકે પહેલા માળ પર રૂમમાં ઊંઘવા માટે ગયા હતા. સાંજના પાંચ વાગ્યા હોવા છતાં ઓધવજીભાઈ નીચે નહીં આવતાં ઉપર જોવા જતાં દરવાજો અંદરથી બંધ હતો. બૂમો પાડવા છતાં પણ ઓધવજીભાઈએ દરવાજો ન ખોલતાં પરિવારના સભ્યોને શંકા જતાં પાડોશીને બોલાવીને દરવાજો તોડી અંદર જોતા દોરી હૂક સાથે બાધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જે અંગે કામરેજ પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે પરિવારજનોની પ્રાથમિક પૂછપરછ કરતાં બીમારીથી કંટાળી જઈ આપઘાત કર્યો હોવાનું જણાવ્યું હતું.

બારડોલીમાં કિશોરીએ આપઘાત કરી લીધો

બારડોલીઃ મૂળ પલસાણાના વણેસા પિસાદ ગામની વતની અને હાલ બારડોલીના શાસ્ત્રી રોડ પર આવેલા શ્રીપતિ વિલા બંગલા નં.૩માં રહેતી ત્રીસાબેન કલ્પેશભાઈ રાઠોડ (ઉં.વ.આશરે ૧૪ વર્ષ અને ૮ માસ) નામની કિશોરીએ ગત ૧૪મી ઓક્ટોબરના રોજ સવારે ૭ વાગ્યા પહેલા અંતિમ પગલું ભરી લીધું હતું. સગીરાએ બંગલાની અગાસી ઉપર આવેલા પતરાના શેડના એંગલ સાથે પોતાની ઓઢણી વડે ફાંસો ખાઈ લીધો હતો. આ બનાવ અંગે બંગલામાં રહેતા વેપારી અંકુરભાઈ પ્રકાશચંદ્ર ગાંધીએ સવારે ૮:૪૦ વાગ્યે બારડોલી ટાઉન પોલીસને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો અને મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમની તજવીજ હાથ ધરી હતી.

કડોદરામાં ગાંજાનો વોન્ટેડ આરોપી ઝડપાયો

પલસાણા, અંત્રોલીઃ કડોદરા GIDC પોલીસે ૧૧ માસથી નાસતા-ફરતા વોન્ટેડ આરોપી રાહુલ સુખલાલ ધુરીયા (ઉં.વ.૨૮)ને બાતમીના આધારે C.N.G. કટ નજીકથી ઝડપી પાડ્યો છે. આરોપી સામે પલસાણા પોલીસ સ્ટેશન હદમાં રૂ.૧૩.૧૮ લાખની કિંમતના ૨૪.૮૨૪ કિલોગ્રામ ગાંજા સાથે જોડાયેલા NDPS એક્ટ હેઠળના ગુનામાં વોન્ટેડ જાહેર કરાયો હતો. સુરતના પાંડેસરામાં રહેતો અને મૂળ UPનો આ આરોપી અગાઉ પણ ૨૦૧૭માં વરાછા અને ૨૦૨૬માં સિંગણપોર પોલીસ સ્ટેશનમાં નાર્કોટિક્સના ગુનામાં પકડાઈ ચૂક્યો છે.

ઈલ્યાસ શેખ, દિપકસિંહ મહીડા

ભરૂચ જિ.પં.ની સામાન્ય સભામાં ૧૧ એજન્ડાને સર્વાનુમતે બહાલી

સભામાં નિયમ ભંગનો મુદ્દો, સભ્યોને એક દિવસ પહેલા જાણ કરાઈ

ભરૂચઃ ભરૂચ જિલ્લા પંચાયત કચેરીના સમિતિ ખંડમાં જિલ્લા પંચાયત પ્રમુખ ડીમ્પલ રાજની અધ્યક્ષતામાં સામાન્ય સભા મળી હતી. આ સભામાં DDO યોગેશ કાપસે સહિત પંચાયતના પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકમાં રજૂ કરાયેલા ૧૧ એજન્ડાને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. આ સામાન્ય સભામાં ગત સામાન્ય સભાની કાર્યવાહી નોંધ તથા તે સભામાં લીધેલ નિર્ણય પર લીધેલા પગલાનો અહેવાલ વંચાણે લેવામાં આવ્યો હતો. જુદી-જુદી સમિતિઓની બેઠકની કાર્યવાહી નોંધ તેમજ ૫૦ લાખથી ઉપરનાં કામોનાં સ્વીકારેલાં ટેન્ડરોને બહાલી આપવામાં આવી હતી. ઉપરાંત જિલ્લા પંચાયત સને ૨૦૨૫-૨૬ના વર્ષનો વાર્ષિક હિસાબ મંજૂર કરવા, વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળ જિલ્લા તેમજ પેટા પ્રભાગીય સ્તરની સમિતિઓમાં બિન સરકારી સભ્યોની નિમણૂક કરવા, ૧૫મા નાણાપંચ હેઠળ મળેલા વ્યાજની રકમનું આયોજન મંજૂર કરવા, વિકાસનાં કામોમાં ફેરફાર કરવા, સ્વભંડોળ વિકાસના કામો મંજૂર કરવા, સ્ટેમ્પ ડ્યુટી ગ્રાંટ હેઠળ વિકાસનાં કામો મંજૂર કરવા તેમજ જિલ્લા પંચાયત, ભરૂચના સને ૨૦૨૬-૨૭ના મૂળ અંદાજપત્રની જોગવાઈ અનુસાર જિલ્લા વિકાસ અધિકારીના ગ્રાંટનાં કામો મંજૂર કરવા સહિતના એજન્ડાઓને બહાલી આપવામાં આવી હતી.

વિપક્ષની રજૂઆત પહેલા જ સભા પૂર્ણ

જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં સભ્યોને નિયમ મુજબ 15 દિવસ પહેલા જાણ કરવાને બદલે માત્ર એક દિવસ અગાઉ જાણ કરવામાં આવતાં સભ્યોમાં નારાજગી ફેલાઈ છે. જિલ્લા પંચાયતના સભ્ય રજની વસાવાએ આ બાબતે ગંભીર નારાજગી વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું કે, જિલ્લા પંચાયતની સામાન્ય સભા માટે તમામ સભ્યોને નિયમાનુસાર 15 દિવસ અગાઉ જાણ કરવાની હોય છે. જોકે, આ વખતે સભા યોજાય તેના એક દિવસ પહેલા જ જાણ કરવામાં આવતાં તમામ સભ્યો અચરજમાં આવી ગયા હતા. ઉપરાંત જિલ્લા પંચાયતનાં સભ્ય નર્મદાબેન વસાવાને એજન્ડા અંગે ટપાલ પણ મળી ન હતી. વસાવાએ વધુમાં જણાવ્યું કે, આ બાબતે વિપક્ષ દ્વારા રજૂઆત કરવામાં આવે તે પહેલા જ રાષ્ટ્રગીત ચાલુ કરવામાં આવ્યું હતું. દેશના નાગરિક હોવાના નાતે અમે રાષ્ટ્રને માન આપ્યું હતું. જોકે, રજૂઆતો થાય તે પહેલા જ સભા પૂર્ણ કરવામાં આવી હતી.

મુળદમાં વિદેશી યુવક સાથે છેતરપિંડી અને મારામારી

છેડતીના ખોટા કેસમાં ફસાવવા અને હત્યાની ધમકી આપ્યાની પોલીસ ફરિયાદ

કીમઃ ઓલપાડના મુળદ ગામમાં વિદેશી યુવક સાથે છેતરપિંડી સાથે મારામારીની ઘટના પ્રકાશમાં આવી છે.

ઓલપાડના મુળદ ગામની રાધે રેસિડેન્સીમાં રહેતા સીએરા લિયોન (પશ્ચિમ આફ્રિકા)ના 26 વર્ષીય યુવકે બે વ્યક્તિ વિરુદ્ધ કીમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં રૂ.19,395 પરત ન આપી વિશ્વાસઘાત કરવા ઉપરાંત ગાળાગાળી, મારામારી અને જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાના આક્ષેપો કરવામાં આવ્યા છે.

પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ ફરિયાદી ડેનિયલ એલ્યુ ટુરી સાથે આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં ગાળાગાળી કરી હતી. તેમજ મહિલા આરોપીએ છેડતીનો ખોટો કેસ કરવાની ધમકી આપી રૂ.19,395 પરત ન આપીને વિશ્વાસઘાત કર્યો હોવાનો આક્ષેપ છે. વધુમાં અન્ય આરોપીએ ફરિયાદીને ત્રણ થપ્પડ મારી બહારથી માણસો બોલાવી જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાની ફરિયાદમાં રજૂઆત કરવામાં આવી છે. આ મામલે કીમ પોલીસમાં ગુનો નોંધવામાં આવ્યો છે. સમગ્ર મામલે કીમ પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સ્પેક્ટર એન.એમ.સોલંકી તપાસ કરી રહ્યા છે. પોલીસ તપાસમાં સમગ્ર ઘટનાની હકીકત બહાર આવશે.

કામરેજ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘના હોદ્દેદારો વરાયા

પ્રમુખ તરીકે રમેશ પટેલ અને ઉપપ્રમુખ તરીકે કિશન પટેલની વરણી

કામરેજઃ કામરેજ ચાર રસ્તા ખાતે કાર્યરત કામરેજ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘના પ્રમુખ અને ઉપપ્રમુખની કામરેજ પ્રાંતની અધ્યક્ષતામાં સર્વાનુમતે બિનહરીફ વરણી થઈ હતી.

તાજેતરમાં સહકારી સુગર ફેક્ટરીઓ બાદ કામરેજ ચાર રસ્તા ખાતે કાર્યરત કામરેજ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘની પણ ચૂંટણી જાહેર થઈ હતી. નવ મંડળી પ્રતિનિધિ તેમજ નવ વ્યક્તિ પ્રતિનિધિની બેઠક માટે ડિરેક્ટરોની બિનહરીફ વરણી થઈ હતી. ગુરુવારના રોજ આગામી અઢી વર્ષ માટે પ્રમુખ તેમજ ઉપપ્રમુખની વરણી માટે કામરેજ પ્રાંત યુ.જી.જાડેજાની અધ્યક્ષતામાં બોર્ડ મિટિંગ યોજાઈ હતી, જેમાં પ્રમુખ પદ માટે વર્તમાન પ્રમુખ રમેશભાઈ રણછોડભાઈ પટેલ (જોખા)એ ઉમેદવારી કરી હતી. દરખાસ્ત કિરીટભાઈ છીતુભાઈ પટેલ (સેવણી)એ મૂકી અને ટેકો પંકજભાઈ હિરાલાલ પટેલ (કઠોર) એ આપ્યો હતો. જ્યારે ઉપપ્રમુખ પદે કિશનભાઈ કાંતિભાઈ પટેલ (સેવણી)એ ઉમેદવારી કરી હતી. દરખાસ્ત જીગ્નેશભાઈ હસમુખભાઈ ભક્ત(ઓરણા)એ મૂકી અને ટેકો મિતેશભાઈ કાંતિભાઈ પટેલ(માંકણા)એ આપ્યો હતો. સામે કોઈએ પણ ઉમેદવારી ન કરતાં પ્રમુખ અને ઉપપ્રમુખની બિનહરીફ વરણી કરવામાં આવતાં સંસ્થાના મેનેજર મુકુંદ પટેલ સહિત ઉપસ્થિત તમામ ડિરેક્ટરોએ અભિનંદન પાઠવ્યાં હતાં.

વિશાલ પટેલ

બારડોલીમાં કેન્સરથી કંટાળી R&B વિભાગના નિવૃત્ત કર્મીનો આપઘાત

અંતિમ ચિઠ્ઠીમાં પરિવારની માફી માંગી લખ્યુંઃ 'મારી બધી ઈચ્છાઓ પૂરી કરી, હવે હું વિદાય લઉં છું'

બારડોલીઃ બારડોલીના ધામડોદ લુંભા ગામની સીમમાં ગઈકાલે સાંજે માર્ગ અને મકાન (R|B) વિભાગમાંથી નિવૃત્ત થયેલા અને હાલ શિરડીધામ સોસાયટીમાં રહેતા ૬૯ વર્ષીય વૃદ્ધે કેન્સરની બીમારીની પીડા સહન ન થતાં રેલવે ટ્રેક પર ટ્રેન સામે કૂદી પોતાની જીવનલીલા સંકેલી લીધી છે. આપઘાત પૂર્વે તેમણે પરિવાર માટે એક હૃદયદ્રાવક ચિઠ્ઠી પણ લખી હતી, જેને વાંચીને પરિવારજનો ભાંગી પડ્યા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર ધામડોદ રોડ પર આવેલી શિરડીધામ સોસાયટીના મકાન નં.૨૦૪માં રહેતા જયંતીભાઈ લલ્લુભાઈ સોલંકી (ઉં.વ.૬૯) ભૂતકાળમાં આર એન્ડ બી (R|B) વિભાગમાં ફરજ બજાવતા હતા અને હાલ નિવૃત્ત જીવન પસાર કરી રહ્યા હતા. છેલ્લા કેટલાક સમયથી તેઓ કેન્સર જેવી ગંભીર અને જીવલેણ બીમારી સામે ઝઝૂમી રહ્યા હતા. આથી કંટાળી જઈ ગત ૧૪મી ઓક્ટોબરના રોજ સાંજના ૭:૪૦ વાગ્યાના સુમારે તેઓએ ધામડોદ લુંભા ગામે ટ્રેન સામે પડતું મૂકી આપઘાત કરી લીધો હતો. આ આત્યંતિક પગલું ભરતા પહેલાં જયંતીભાઈએ પોતાના હાથે એક સ્યુસાઈડ નોટ લખી હતી. આ અંતિમ ચિઠ્ઠીમાં તેમણે પરિવારના સભ્યો પ્રત્યેનો પ્રેમ અને પોતાની મજબૂરી વ્યક્ત કરતા લખ્યું હતું કે, "તમે મને ખવડાવ્યું, પીવડાવ્યું, મારી બધી ઈચ્છાઓ પૂરી કરી, હું તમારાથી વિદાય લઉં છું. મારું દુઃખ અસહ્ય વધતું જાય છે, મને માફ કરજો." નિવૃત્ત કર્મચારીના આ અંતિમ શબ્દોએ સૌની આંખો ભીની કરી દીધી છે. આ સમગ્ર ઘટના અંગે મૃતકના ૩૫ વર્ષીય પુત્ર કીર્તિકુમાર સોલંકીએ તે જ દિવસે રાત્રે ૧૦ વાગ્યે પોલીસ કંટ્રોલને જાણ કરી હતી. આ મામલે બારડોલી ટાઉન પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

જોળવામાં આધેડ શ્રમજીવીએ ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

પલસાણાઃ મૂળ મહારાષ્ટ્રના નંદુરબારના શહાદાના માટકુટ બોરાડી ગામના વતની અને હાલમાં પલસાણાના જોળવા ગામની નક્ષત્ર સોસાયટીમાં મકાન નં.૩૩૭માં રહેતા રામદાસ મગનભાઈ પાટીલ (ઉં.વ.૪૮) મજૂરીકામ કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તા.૧૪ ઓક્ટોબરના રોજ વહેલી સવારે ૭ વાગ્યા પહેલાના અરસામાં નક્ષત્ર સોસાયટીના જ મકાન નં.૩૩૬માં અગાસી ઉપર જવા માટેની સીડી પર આવેલા પતરાના શેડ નીચે લોખંડના એંગલ સાથે દોરી બાંધી રામદાસભાઈએ ફાંસો ખાઈ લેતાં તેમનું મોત નીપજ્યું હતું. આ કરુણ બનાવ અંગે મરણ જનારના પત્ની ગાયત્રીબેન રામદાસ પાટીલે પલસાણા પોલીસ મથકમાં જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ સહિતની તજવીજ હાથ ધરી હતી. આ મામલે પલસાણા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધીને શ્રમજીવીએ કયા કારણોસર આ અંતિમ પગલું ભર્યું તે દિશામાં સઘન તપાસ શરૂ કરી છે.

કુકરમુંડામાં મહિલાએ આપઘાત કરી લીધો

કુકરમુંડાઃ કુકરમુંડાના મંદિર ફળિયામાં અગમ્ય કારણોસર ૪૪ વર્ષીય ગીતાબેન અંબાલાલભાઈ પાડવીએ પોતાના ઘરમાં લોખંડની એંગલ સાથે ઓઢણી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે. ૧૫ ઓક્ટોબરે બપોરે મહિલા ઘરની અંદર ફાંસો ખાધેલી હાલતમાં મળી આવતાં વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. આ ઘટના અંગે હિતેશભાઈ પાડવીએ પોલીસને જાણ કરી હતી. કુકરમુંડા પોલીસ સ્ટેશને અકસ્માત મોતની નોંધ કરી ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
કુડસદ શાખા : મુ. અને પોસ્ટ. કુડસદ, તાલુકા : ઓલપાડ, જીલ્લો : સુરત
E-mail : kudsad@bankofbaroda.com
સિક્યોરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ ૨૦૦૨ ની ધારા ૧૩ની પેટા કલમ(૨) હેઠળ દેવાદારને નોટિસને નોટીસ (હવે પછી અહીં એક્ટ તરીકે ઉલ્લેખાશે).
પ્રતિ, શ્રીમતી ઉર્વશીબેન કેતનભાઈ મેર (દેવાદાર) અને શ્રી કેતન દિનેશભાઈ મેર (સહ-દેવાદાર)
સરનામું -૧ : પ્લોટ નં.૪૨, ગ્રીન હેવન થી સાયણ કીમ રોડ, ગામ-મુળદ ઓલપાડ, સુરત, ગુજરાત-૩૯૪૫૪૦.
સરનામું -૨ : બી-૮૦૭, સુમન શૈલ સામે, મનીભદ્રા હાઈટ્સ, વેસુ કેનલ રોડ, ભરથાણા, સુરત, ગુજરાત-૩૯૫૦૦૭.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
મોર ભગવા શાખા : તા.ઓલપાડ મોર ભગવા, સુરત-૩૯૪૫૩૦
E-Mail Id : bhagva@bankofbaroda.bank.in
કબજા નોટીસ (ધારા ૧૩(૪)) (સ્થાયી મિલકત માટે)
[સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ-૮(૧) હેઠળ]
નીચે સહી કરનાર બેંક ઓફ બરોડા, ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તા.૨૦.૦૭.૨૦૨૬ ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/ગીરવેદાર શ્રીમતી સુનિતાબેન સુરેશભાઈ મોરકર ...

पंजाब नैशनल बैंक punjab national bank ...भरोसे का प्रतीक ! ...the name you can BANK upon !
બીઓ : ઉધના રોડ શાખા (૪૫૩૫૦૦) : ૧લો માળ, ક્રોસ કોર્નર બિલ્ડીંગ, ઉધના ત્રણ રસ્તા, સુરત-૩૯૪૨૧૦
ફો નં.: ૦૨૬૧-૨૨૭૦૦૧૦ email: bo4535@pnb.bank.in
કબજા નોટીસ
આથી નીચે સહી કરનાર પંજાબ નેશનલ બેંક, સુરત ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન અને ...

पंजाब नैशनल बैंक punjab national bank ...भरोसे का प्रतीक ! ...the name you can BANK upon !
હજીરા શાખા : સિધ્ધી પ્લાઝા, ક્રિબકો હાઉસીંગ કોલોની પાસે, ઈચ્છાપોર, સુરત- ૩૯૪૨૭૦
ફો નં.:૦૨૬૧ ૨૯૮૮૫૫૦ email: bo133610@pnb.bank.in
કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)
આથી નીચે સહી કરનાર પંજાબ નેશનલ બેંક, ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન અને ...

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda — શાસ્ત્રી રોડ બારડોલી શાખા — પરિશિષ્ટ-૪ (રૂલ ૮(૧)) કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે) (four notices)